

1. કેન્દ્ર સરકારના અંદાજપત્રના હિસાબી ખાતાઓની વિગતે ચર્ચા કરો.

➢ કેન્દ્ર સરકારનું અંદાજપત્ર દેશના નાણાંમંત્રી લોકસભામાં મંજૂરી માટે જેતે વર્ષના ફેબ્રુઆરી માસની અંતિમ તારીખે રજૂ કરે છે.

➢ કેન્દ્ર સરકારના અંદાજપત્રમાં ખર્ચનું વર્ગીકરણ આયોજિત અને બિનઆયોજિત ખર્ચ તરીકે થાય છે.



2. રાજ્ય સરકારના અંદાજપત્ર ઉપર ટૂંક નોંધ લખો.

- રાજ્ય સરકારના અંદાજપત્રમાં મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચનું વર્ગીકરણ વિકાસલક્ષી ખર્ચ અને બિનવિકાસલક્ષી ખર્ચ તરીકે થાય છે. ખેતી, ઉદ્યોગ, સિંચાઈ વગેરે પાછળનો ખર્ચ વિકાસલક્ષી ખર્ચ છે. જેનો હેતુ વિકાસને વેગ મળે તે જોવાનો છે.
- બિનવિકાસલક્ષી ખર્ચ જેવાં કે વહીવટી સેવાઓ, પેન્શન અને નિવૃત્તિના લાભ વગેરે ખર્ચા. આવા ખર્ચ દેશના વિકાસ માટે નથી થતા, પરંતુ તે દેશના લોકોનાં જીવનધોરણ સુધારા માટેનું માળખું તૈયાર કરે છે. રાજ્ય સરકારનું બજેટ ખૂબ મર્યાદિત સાધનોના સંદર્ભમાં રજૂ થાય છે.

| **રાજ્ય સરકારનું મહેસૂલી ખાતું** | |
|---|---|
| **આવક** | **ખર્ચ** |
| 1. કેન્દ્રિય વેરન્મથી મળેલો હિસ્સો<br>2. **રાજ્ય ના કરવેરાની આવકઃ**<br>જમીન મહેસૂલ સ્ટેમ્પ ડ્યુટી, વચનવેરા, વાહનવેરો, વીજળી વેરો,મનોરંજન કર વગેરે.<br>3. અન્ય આવકો | **વિકાસલક્ષી ખર્ચઃ**<br>(1) સામાજિક સેવાઓ જેવી ક શિક્ષણ , આરોગ્ય, માહિતી પ્રસારણ, પછાત વર્ગ કલ્યાણ વગેરે પાછળનો ખર્ચ.<br>(2) આર્થિક સેવાઓ જેવી કે ખેતી, ઉધોગ , સિંચાઇ, પરિવહન, સંચાર, ગ્રામીણ વિકાસ વગેરે પાછળ નો ખર્ચ .<br>**બિનવિકાસલક્ષી ખર્ચઃ**<br>સમાન્ય સેવાઓ જેવી કે વહીવટી સેવાઓ, પેનસન અને નિવૃતિના લાભ જેવી અન્ય સેવાઓ પાછળના ખર્ચ.<br>અન્ય ખર્ચા : નીચેના સ્તર ની સંસ્થાઑના અનુદાન |

| **રાજ્ય સરકારનું મહેસૂલી ખાતું** | |
|---|---|
| **આવક** | **ખર્ચ** |
| 1. જાહેર દેવાઃ<br>(1)રાજ્ય સરકારનું આતરિક દેવું<br>(2) કેન્દ્રની લોન અને પેશગીઓ<br>(3)સાધનો માટેની પેશગી<br>2. અન્ય સરકારની લોનો અને પેશગીની વસૂલાત<br>3. અન્ય મૂડી- આવકો | **વિકાસલક્ષી ખર્ચઃ**<br>(1) સામાજિક સેવાઓ પાછળ થતો મૂડી-ખર્ચ<br>(2) આર્થિક સેવાઓ પાછળ થતો મૂડી- ખર્ચ<br>**બિનવિકાસલક્ષી ખર્ચઃ**<br>(1) સમાન્ય સેવાઓ પાછળ થતો મૂડી- ખર્ચ<br>(2) જાહેર- દેવાની ચુકવણી<br>**અન્ય ખર્ચઃ**<br>રાજ્ય દ્વારા અન્ય સરકારો ને લોન અને પેશગી |

3. રાજ્ય સરકારના મૂડી ખાતાની આવક અને ખર્ચ બાજુની વિગત જણાવો.

